**<u>નવી બાબત વર્ષ: ૨૦૨૬-૨૭</u>**

સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોની નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક: SJED/GHS/e-file/17/2025/2568/K**
સચિવાલય, ગાંધીનગર.
**તા.ઈ-સાઈન મુજબ.**

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ છતલ/૧૦૨૦૨૧/૫૧૬૦૧૬/નબા-૦૩/ક.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો તા.૧૦/૧૧/૨૦૨૫નો પત્ર અને તા.૧૧/૦૨/૨૦૨૬નો ઈ-મેઈલ.

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીની તા.૦૩/૦૩/૨૦૨૬નો વહીવટી ખર્ચ માટેની દરખાસ્ત.

**આમુખ:**

સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોને વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) પરના તા.૦૮/૦૪/૨૦૨૨ ઠરાવથી વિદ્યાર્થીદીઠ માસિક રૂ.૨૧૬૦/- નિભાવ ગ્રાન્ટ ૧૦ (દસ) મહિના માટે આપવાનું નિયત કરવામાં આવેલ છે. સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી મળેલી રજુઆતો તેમજ વર્તમાન મોંઘવારીને ધ્યાનમાં રાખીને છાત્રાલયોને આપવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા અંગે વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૧૦/૧૧/૨૦૨૫ના પત્રથી નવી બાબતની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ હતી અને તા.૧૧/૦૨/૨૦૨૬ના ઈ-મેઈલથી તેમાં જરૂરી સુધારા સહની વિગતો મોકલી આપવામાં આવેલ હતી. જેને નાણા વિભાગ દ્વારા વર્ષ: ૨૦૨૬-૨૭ માં નવી બાબત તરીકે બજેટમાં સમાવેશ કરવામાં આવેલ હોઇ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો તા.૦૩/૦૩/૨૦૨૬ ની સદર ખર્ચને વહીવટી મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોને વિદ્યાર્થીદીઠ આપવામાં આવતી માસિક નિભાવ ગ્રાન્ટની યોજના હેઠળ હાલમાં મળતી માસિક નિભાવ ગ્રાન્ટ રૂ.૨૧૬૦/- માં રૂ.૩૪૦/- (અંકે રૂપિયા ત્રણસો ચાલીસ) નો વધારો કરી રૂ.૨૫૦૦/- (અંકે બે હજાર પાંચસો પુરા) ની નિભાવ ગ્રાન્ટ ૧૦ માસ માટે આપવા માટેની રૂ.૮.૨૩/- કરોડની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૬-૨૭ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાથી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
(૬) સોશિયો ઈકોનોમિક ઈમ્પેક્ટ ઈવેલ્યુએશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.
(૭) નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં મંજૂર થયેલી નવી બાબત/રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઈ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.
(૮) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહીં તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ રાખવાની રહેશે.
(૯) ઓનલાઈન અરજી કરવા અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
(૧૦) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.
(૧૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ નાણાકીય સહાય માટે સમયાંતરે નિયત કરેલ DBT પધ્ધતિ/DBT Portal/C.M Dash Board અપનાવવાનું રહેશે.
(૧૨) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
(૧૩) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
(૧૪) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
(૧૫) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
(૧૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૫ મુખ્ય સદર: ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ પેટા સદર-૧૨ એસ.સી.ડબલ્યુ-૦૭-સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય / શ્રી જુગતરામ દવે છાત્રાલય યોજના સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૮/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-Sd/-
**(કૌશલ લાંઘણોદા)**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

File No: SJED/GHS/e-file/17/2025/2568/K Section
Approved By: Deputy Secretary,K Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**નકલ રવાના-**

- મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા. ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (અ.જા.ક.)ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, તમામ જિલ્લા તથા તમામ સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત), જીલ્લા પંચાયત, (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યાય અને અધિ. વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

*Signature Not Verified*

*Signed by:Kaushal C Langhnoda*
*Section Officer InCharge*
*Date:2026.05.07*
*13:17:14 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*